# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાતએકટનં. ૨૪/૨૦૧૫ દ્વારાસ્થાપિત)


નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૨/૧૪૪૭૧ તા.૧૯/૧૨/૨૦૨૨

પરિપત્ર- ૨૮૮૦

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન બી.એસસી. નર્સિંગ, પોસ્ટ બેઝીક બી.એસસી. નર્સિંગ, એમ.એસસી. નર્સિંગ અને બી.પી.ટી અભ્યાસક્રમ ચલાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે,આપની કોલેજમાં નીચે મુજબના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા રેગ્યુલર અને રીપીટર (લાગુ પડતું હોય તે) વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન પત્રો નીચે દર્શાવેલ સૂચનાઓ અને તારીખ મુજબ ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફક્ત રૂબરૂમાં જમા કરાવવા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી.

| Sr | Course | Year | Exam Fee | Regular Fee Last Date |
|---|---|---|---|---|
| 1 | B.Sc. Nursing | 1st,2nd,3rd & 4th Year | 2125 | 28/12/2022 |
| 2 | P.B. B.Sc. Nursing | 1st & 2nd Year | 2125 | 28/12/2022 |
| 3 | M.Sc. Nursing | 1st & 2nd Year | 2725 | 28/12/2022 |
| 4 | B.P.T. | 1st Year | 2525 | 28/12/2022 |

પરીક્ષા આવેદનપત્ર ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા સંબંધિત સૂચનાઓ :

(૧) સંબંધિત કોલેજોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ પરીક્ષા આવેદનપત્ર ઓનલાઈન ભરી, વેરીફાઈ કરી તેની પ્રિન્ટઆઉટ લેવાની રહેશે.

(૨) પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટની વિગતોની સંબંધિત વિદ્યાર્થી પાસે ખરાઈ કરાવી તેમાં તેની સહી કરાવવાની રહેશે.

(૩) વિદ્યાર્થીએ સહી કરેલ પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ પર સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ ખરાઈ કરી પોતાની સહી અને સિક્કા કરવાના રહેશે.

(૪) પરીક્ષા આવેદન પત્રની જરૂરી ફી પોર્ટલમાં વેરીફાઈડ કરેલ ફોર્મના આધારે સોફ્ટવેર દ્વારા દર્શાવેલ રકમ પોર્ટલમાં દર્શાવેલ ડીજીટલ ગેટવે અથવા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીએક્ઝામિનેશન, ગોધરાના એક્સીસ બેંકના ખાતા નં.918010086166147 (IFSC CODE: UTIB0000264 MICR: 389211002) માં NEFT/RTGS થી ભરવાની રહેશે.

(૫) આચાર્યશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું ચેકલીસ્ટ, નિયત પરીક્ષા ફી ની ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ/ફી ભર્યાની રીસીપ્ટ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ ચેકલીસ્ટ રીપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયમાં ૨ (બે) કોપીમાં તા.૩૧/૧૨/૨૦૨૨ સુધીમાં ફક્ત રૂબરૂમાં જમા જમા કરાવવાનો રહેશે.(રજી./સ્પીડ પોસ્ટ/કુરિયર કરવું નહી) (પરીક્ષા આવેદનપત્રની હાર્ડકોપી યુનિવર્સિટીમાં જમા કરાવવાની નથી)

# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાતએકટનં. ૨૪/૨૦૧૫ દ્વારાસ્થાપિત)

| રૂ. ૫૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ | રૂ. ૧૦૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ |
| --- | --- |
| રેગ્યુલર ફી + રૂ. ૫૦૦/- તા.૨૯/૧૨/૨૦૨૨ | રેગ્યુલર ફી + રૂ. ૧૦૦૦/- તા.૩૦/૧૨/૨૦૨૨ |

(૬) યુનિવર્સિટી ખાતે પરીક્ષા આવેદન પત્રનું ચેકલીસ્ટ મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ.અધુરી કે ખોટી વિગતોવાળા આવેલ આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

(૭) કોલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ જમા કરાવવા મોકલવા નહિ, જેની ખાસ નોંધ લેવી.

નોંધ

- જે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાંથી FAEC મેળવ્યું નહી હોય તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન પત્રો ભરી શકાશે નહી. FAEC મેળવ્યા બાદ જ સંબંધિત વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન પત્ર ભરી શકાશે.
- પોર્ટલમાં દર્શાવેલ પરીક્ષા આવેદન ફીની કુલ રકમ વિદ્યાર્થી દીઠ રૂ. ૪.૫૦/- કપાત કરીને ગણતરીમાં લીધેલ હોય પોર્ટલમાં દર્શાવ્યા મુજબની પૂરી ફી ભરવી.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન બી.એસસી. નર્સિંગ, પોસ્ટ બેઝીક બી.એસસી. નર્સિંગ અને એમ.એસસી. નર્સિંગ ચલાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.